**–:: આંક–૦૧ લગત હુકમ ::–**

૧. હાલના કામે રેકર્ડ તથા કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધી.

૨. હાલના કામે રેકર્ડ ધ્યાને લેતા તપાસ એજન્સી દ્વારા આરોપી વિરુદ્ધ એફ.આઈ.આર. નોંધી તપાસના અંતે આખરી અહેવાલ રજૂ રાખેલ. સદર આખરી અહેવાલ આધારે અદાલત દ્વારા ગુનાનું સંજ્ઞાન લેવામાં આવેલ.

૩. આ ઉપરાંત કેસની કાર્યવાહી ઘણા લાંબા સમયથી આરોપી વિરુદ્ધ પ્રોસેસની બજવણી સારુ પડતર રહેલ છે. અદાલત દ્વારા નિયમિત રીતે આરોપી વિરુદ્ધ પ્રોસેસ ઈસ્યુ કરી વારંવાર સંબંધિત હકુમત ધરાવતા પોલીસ સ્ટેશનને મોકલી આપવામાં આવેલ છે, તેમછતાં (ફરિયાદપક્ષ) આરોપીને અત્રેની અદાલત સમક્ષ હાજર રાખવામાં સફળ નિવડેલ નથી. અદાલત દ્વારા આરોપીને પોતાની સમક્ષ હાજર રાખવા તમામ ઉપલબ્ધ કાયદાકીય પગલા લીધેલ છે.

૪. આમ, હાલના કામે અત્રેની અદાલત દ્વારા ફરિયાદપક્ષને હાલના આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવા માટે પૂરતી તક આપવામાં આવેલ છે. પરંતુ, ફરિયાદપક્ષ આરોપીને અદાલત સમક્ષ હાજર રાખી શકેલ નથી. વધુમાં, નજીકના ભવિષ્યમાં આરોપી મળી આવે તેવી કોઈ શક્યતા જણાઈ આવતી નથી.

૫. આમ, હાલના કેસનો પ્રકાર અને સંજોગો ધ્યાને લેતા હાલનો કેસ વધુ સમય અદાલત સમક્ષ પડતર રહેવા દેવામાં આવે તો નાગરિકો અને પક્ષકારોના ઝડપી ન્યાયના અધિકારમાં અંતરાયરૂપ બનવા પામશે તેમ જણાઈ આવે છે. વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર વડી અદાલત દ્વારા વિવિધ ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ ઝડપી ન્યાયના સિદ્ધાંતને અનુલક્ષીને અદાલત દ્વારા યોગ્ય કિસ્સામાં ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ– ૩૨૧ તથા બી.એન.એસ. એસ. ની કલમ ૩૬૦ મુજબ વિ. એ. પી. પી. શ્રીએ સબબ કેસ વિડ્રો કરવા અરજ ગુજારેલ છે. આમ, ઉક્ત તમામ ચર્ચા મુજબ હાલના કેસના નિકાલ અર્થે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ– ૩૨૧ તથા બી.એન.એસ. એસ. ની કલમ ૩૬૦ હેઠળ મળેલ સત્તાનો ઉપયોગ કરવો ન્યાયી જણાઈ આવે છે. આથી, ઉક્ત તમામ હકીકતો અને કાયદાકીય ચર્ચાને અંતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

૧. હાલના કેસની કાર્યવાહી ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ– ૩૨૧ તથા બી.એન.એસ. એસ. ની કલમ ૩૬૦ હેઠળ આરોપી સામેની હાલની કાર્યવાહી સ્થગીત કરી હાલનો કેસ ઉપરોક્ત હુકમે ફેંસલ કરવાનો હુકમ કરવામા આવે છે.

૨. મુદ્દામાલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે, વિકલ્પે અપીલ સમય વિત્યા બાદ ક્રિમિનલ પ્રોસીજર કોડ તથા ક્રિમિનલ મેન્યુઅલની જોગવાઈઓ મુજબ મુદ્દામાલનો નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. હાલના કામે જો કોઈ રોકડ જામીનગીરી જમા હોય તો તે સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ આરોપીઓ નો–ક્લેમ રજુ રાખેલ હોય જેથી પણ રોકડ મુદ્દામાલ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામા આવે છે.

૪. ફરિયાદ પક્ષને આરોપી મળી આવ્યેથી ફરિથી ચાર્જશીટ કરવા લિબર્ટી આપવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૧૩ મી માહે ડિસેમ્બર સને ૨૦૨૫ ના રોજ સ્પેશ્યલ સીટીંગ માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૩/૧૨/૨૦૨૫

સ્થળ : પલસાણા

**( જે જે આહુજા)**

જ્યુડિ. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, પલસાણા.

જજ કોડ નં.જીજે ૦૧૪૩૬